તારીખ : 15/07/2026

# સાવરકુંડલા રેલવે સ્ટેશન ની મુલાકાતે પશ્ચિમ રેલવેના સુપ્રીમો જીએમ ની મુલાકાત



આજે સવારે પશ્ચિમ રેલવેના જીએમ ધોળા ઢસા સાવરકુંડલા રાજુલા થી પીપાવાવ ગયા હતા અને પરત ફરતી વખતે સાવરકુંડલા રેલવે સ્ટેશનની મુલાકાત લીધી હતી ઈન્સ્પેક્શન કર્યું હતું અને પ્લેટફોર્મ તેમજ વેઈટિંગ રૂમ અને ટોયલેટ વગેરેનું ઝીણવટ ભર્યું નિરીક્ષણ કરી સંબંધિત અધિકારીને સૂચનાઓ આપવામાં આવી હતી. આ તબક્કે સાવરકુંડલા તાલુકાના જીરા રોડ ના નબળા પ્લેટફોર્મ નો પ્રશ્ન સાંસદ ભરત સુતરીયા એ જાત નિરીક્ષણ કરી ઉઠાવ્યો હતો નબળું બાંધકામ થયું હોવાનું જાત નિરીક્ષણમાં સુતરીયા એ સ્વીકારી ભાવનગર ડીઆરએમ સાથે વાતચીત કરી રીપેરીંગ નહીં પણ ફરીથી નવું બનાવવાની સૂચનાઓ આપી હતી. આ બાબતે પશ્ચિમ રેલવેના જીએમ રામાશ્રેય



પાંડે ને પત્રકારોએ પ્રશ્ન પૂછતા તેઓએ જણાવ્યું હતું કે અમારી ટીમ ક્વોલિટી કંટ્રોલ ના નમુના લઈ તપાસ કરશે અને રિપોર્ટ આવ્યા બાદ આ નબળા કામ બાબતે જો સાબિત થાય તો કાર્યવાહી કરવામાં આવશે.




# ઇ–નિમંત્રણ

સાવરકુંડલા નગરપાલીકાના વિવિધ વિકાસના
રૂા.૮૯૦ લાખના કામોનું ખાતમુર્હૂત તથા લોકાર્પણ

- સરદાર વલ્લભભાઇ પટેલનું સ્ટેચ્યુ અને સર્કલ
- આઇકોનિક રોડ(જૈન બોર્ડીંગ થી કાણકિયા કોલેજ માલધારી ચોકસુધી )
- આધુનિક પોલીસ ચોકી (કે.કે.હાઇસ્કૂલ પાસે)
- ઓવર હેડ ટાંકી તથા સંપ ના કામો
- ફાયર વોટર બાઉઝરનું લોકાર્પણ

આ પ્રસંગે આપ સર્વોને પધારવા હાર્દિક નિમંત્રણ.

**તા.૧૬/૭/૨૬, ગુરૂવાર સમયઃ સવારે ૯:૩૦ કલાકે સ્થળ : કે.કે.હાઇસ્કૂલ પાસે,સાવરકુંડલા.**

**-: મુખ્ય અતિથિ :-**

માન.ભરતભાઇ સુતરીયા
સાંસદશ્રી,અમરેલી

**-: પ્રેરક ઉપસ્થિતિ :-**

માન.મહેશભાઇ કસવાલા
ધારાસભ્યશ્રી,૯૭–સાવરકુંડલા/લીલીયા

શ્રી સંજય ખરાત – IPS
એસ.પી.,અમરેલી

**-: વિશેષ ઉપસ્થિતિ :-**

શ્રી નયનાબેન કાપડીયા (અધ્યક્ષ, સાવરકુંડલા નગરપાલીકા)

**વૃક્ષારોપણ-એક પેડ મા કે નામ**

સમયઃ સવારે ૧૦:૩૦ કલાકે, સ્થળઃ પોલીસ પરેડ ગ્રાઉન્ડ,સ્પોર્ટ સંકૂલની બાજુમાં,મહુવા રોડ,સા.કું.

નિમંત્રક : સાવરકુંડલા નગરપાલીકા

કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

# આજથી ગુપ્ત નવરાત્રીનો પ્રારંભ

## માતૃશક્તિની આરાધના અને આધ્યાત્મિક સાધનાનો પવિત્ર અવસર



આજથી અષાઢ સુદ પ્રતિપદાથી ગુપ્ત નવરાત્રીનો પવિત્ર પ્રારંભ થયો છે. હિંદુ ધર્મમાં વર્ષ દરમિયાન ચાર નવરાત્રીઓનું વિશેષ મહત્વ રહેલું છે, જેમાં ચૈત્રી અને શારદીય નવરાત્રી જાહેર ઉજવણી માટે જાણીતી છે, જ્યારે અષાઢ અને માઘ માસની બે નવરાત્રીઓને ગુપ્ત નવરાત્રી તરીકે ઓળખવામાં આવે છે. ગુપ્ત નવરાત્રી દરમિયાન માતા આદિશક્તિના નવ સ્વરૂપોની ભક્તિ, જપ, તપ, અનુષ્ઠાન અને સાધનાનું વિશેષ મહત્વ માનવામાં આવે છે.આ વર્ષે 15 જુલાઈથી 23 જુલાઈ દરમિયાન ગુપ્ત નવરાત્રીની ઉજવણી થશે. આ નવ દિવસ દરમિયાન ભક્તો માતાજીના મંદિરોમાં દર્શન, પૂજન, દુર્ગા સપ્તશતીના પાઠ, જપ-તપ, હવન અને વિશેષ આરાધના કરશે. એવી ધાર્મિક માન્યતા છે કે આ દિવસોમાં શ્રદ્ધા અને નિયમપૂર્વક માતાજીની ઉપાસના કરવાથી સુખ, શાંતિ, સમૃદ્ધિ અને મનોકામનાઓની પૂર્ણતા પ્રાપ્ત થાય છે.ગુપ્ત નવરાત્રી દરમિયાન આવનારા પર્વોમાં 25 જુલાઈએ દેવશયની (દેવસૈનિક) એકાદશીનું વિશેષ મહત્વ છે. આ દિવસે ભગવાન શ્રીવિષ્ણુ ક્ષીરસાગરમાં યોગનિદ્રામાં પ્રવેશ કરે છે અને ચાતુર્માસનો પ્રારંભ થાય છે. ત્યારબાદ 29 જુલાઈએ ગુરુ પૂર્ણિમાનું પવિત્ર પર્વ ઉજવાશે. આ દિવસે ગુરુ પ્રત્યે કૃતજ્ઞતા વ્યક્ત કરવામાં આવે છે અને જીવનમાં જ્ઞાનનો પ્રકાશ ફેલાવનાર ગુરુને વંદન કરવામાં આવે છે.ગુપ્ત નવરાત્રી આત્મચિંતન, આધ્યાત્મિક ઉન્નતિ, સંયમ અને ભક્તિનો પવિત્ર અવસર છે. ભક્તોએ આ દિવસોમાં માતા જગદંબાની આરાધના સાથે સદાચાર, સેવા અને સકારાત્મક જીવનમૂલ્યોને અપનાવી ધર્મમય જીવન જીવવાનો સંકલ્પ લેવો જોઈએ.આ પવિત્ર દિવસોમાં સમગ્ર સમાજમાં સુખ, શાંતિ, સમૃદ્ધિ અને સૌહાર્દનું વાતાવરણ સર્જાય તેમજ માતા જગદંબાની કૃપા સૌના જીવનમાં વરસે તેવી શુભકામનાઓ વ્યક્ત કરવામાં આવે છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## નિયમિત મળશે!

## ડૉ. સુહાની રહીશભાઈ સવટ

### B.D.S. ડેન્ટલ સર્જન

# ભારત ડેન્ટલ કેર & ઈમ્પ્લાન્ટ સેન્ટર

પહેલો માળ, જનરલ મેડિકલ સ્ટોર, નદી બજાર, સાવરકુંડલા

**સવારે 9 થી સાંજે 8 સુધી**

**સુવિધાઓ :**

- દાંતની તપાસ અને સફાઈ
- રુટ કેનાલ ટ્રીટમેન્ટ
- દાંતના ઈમ્પ્લાન્ટ
- બ્રિજ, કેપ્સ & સ્માઈલ ડિઝાઈન
- પેઈનલેસ ટ્રીટમેન્ટ
- બાળકોના દાંતની સારવાર
- પોર્ટેબલ એક્સરે વડે નિદાન



**મો. 94088 27867**

તારીખ : 15/07/2026

# સાવરકુંડલા સહિત સમગ્ર સૌરાષ્ટ્રમાં આવતીકાલે અષાઢી બીજનો પાવન પર્વ અને સંત વેલનાથ બાપુની જન્મજયંતિની ભક્તિભાવપૂર્વક ઉજવણી થશે...






સાવરકુંડલા શહેર અને તાલુકા સહિત સમગ્ર પંથકમાં આવતીકાલે આષાઢ સુદ બીજનો પાવન પર્વ શ્રદ્ધા અને ભક્તિભાવ સાથે ઉજવાશે. આ સાથે પૂજ્ય સંત વેલનાથ બાપુની જન્મજયંતિ નિમિત્તે પણ વિવિધ ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. બંને પાવન પ્રસંગોને લઈને સમગ્ર વિસ્તારમાં ભક્તિમય માહોલ છવાઈ ગયો છે.અષાઢી બીજના અવસરે વિવિધ મંદિરોમાં વિશેષ પૂજા-અર્ચના, મહાઆરતી, ભજન-કીર્તન, ધૂન, સત્સંગ અને પ્રસાદ વિતરણના કાર્યક્રમો યોજાશે. કૃષિપ્રધાન સમાજ માટે આ પર્વનું વિશેષ મહત્વ હોવાથી ખેડૂત સમાજ પણ સારા વરસાદ અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરશે.બીજી તરફ સંત વેલનાથ બાપુની જન્મજયંતિ નિમિત્તે તેમના મંદિરો, અને ધાર્મિક સ્થળોએ વિશેષ પૂજન, ભજનસંધ્યા, સંતવાણી, ધાર્મિક પ્રવચનો તથા મહાપ્રસાદના કાર્યક્રમો યોજાશે. વેલનાથ બાપુના જીવનમાંથી સેવા, ભક્તિ, કરુણા અને માનવકલ્યાણના સંદેશને યાદ કરી શ્રદ્ધાળુઓ તેમની પ્રત્યે આસ્થા વ્યક્ત કરશે.સાવરકુંડલા પંથક સહિત સૌરાષ્ટ્રમાં બંને પવિત્ર પ્રસંગોને લઈને ભાવિકોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. વિવિધ ગામો અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા ઉજવણીની તૈયારીઓને આખરી ઓપ આપવામાં આવ્યો છે. આવતીકાલે સવારથી જ મંદિરોમાં ભક્તોની ભારે અવરજવર રહેશે. અને સમગ્ર પંથક ભક્તિ અને શ્રદ્ધાના રંગે રંગાઈ જશે.આ બંને પવિત્ર પ્રસંગો સમાજમાં ધાર્મિક આસ્થા, સંસ્કૃતિ, એકતા અને સદભાવનાનો સંદેશ વધુ મજબૂત બનાવશે.

કે.ડે. NEWS
તારીખ : 15/07/2026

# ગુજરાતના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આજે જન્મદિવસ



ગુજરાતના લોકપ્રિય અને જનકલ્યાણને સમર્પિત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનો આજે જન્મદિવસ છે. આ અવસરે રાજ્યભરમાં તેમના શુભેચ્છકો, વિવિધ સામાજિક સંસ્થાઓ તેમજ રાજકીય આગેવાનો દ્વારા તેમને હાર્દિક શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે.

મુખ્યમંત્રી તરીકે શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાતે વિકાસ, સુશાસન, શિક્ષણ, આરોગ્ય, કૃષિ, ઉદ્યોગ અને માળખાગત સુવિધાઓના ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી છે. રાજ્યના સર્વાંગી વિકાસ અને પ્રજાના કલ્યાણ માટે તેઓ સતત કાર્યરત રહ્યા છે.તેમના જન્મદિવસ નિમિત્તે શુભેચ્છકોએ ઈશ્વરને પ્રાર્થના કરી છે કે તેઓ દીર્ઘાયુષ્ય, ઉત્તમ સ્વાસ્થ્ય અને અખૂટ શક્તિ સાથે ગુજરાતની સેવા કરતા રહે તેમજ રાજ્યને વિકાસના નવા શિખરો સુધી પહોંચાડે.

કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

# બગસરા ટાઉન વિસ્તારમાં સિનીયર સિટીઝનની રોકડ રકમ ભરેલી થેલી ખોવાઈ જતા બગસરા પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી પરત અપાવી



અમરેલી જિલ્લાના બગસરા ટાઉન વિસ્તારમાં એક સિનીયર સિટીઝનની રોકડ રકમ ભરેલી થેલી અચાનક પડી જતાં તેઓ ચિંતિત બન્યા હતા. ઘટનાની જાણ બગસરા પોલીસને કરવામાં આવતા પોલીસે તાત્કાલિક કાર્યવાહી હાથ ધરી હતી.પોલીસ દ્વારા આસપાસના વિસ્તારની તપાસ, જરૂરી પૂછપરછ તેમજ અન્ય ઉપલબ્ધ માહિતીના આધારે શોધખોળ હાથ ધરવામાં આવી હતી. સઘન પ્રયાસોના પરિણામે રોકડ રકમ ભરેલી થેલી શોધી કાઢી હતી અને તેની ખાતરી કર્યા બાદ સંબંધિત સિનીયર સિટીઝનને સલામત રીતે પરત સોંપવામાં આવી હતી.બગસરા પોલીસની ઝડપી કામગીરી, સતર્કતા અને જનસેવા પ્રત્યેની પ્રતિબદ્ધતાના કારણે સિનીયર સિટીઝન તથા તેમના પરિવારજનોએ પોલીસનો હૃદયપૂર્વક આભાર વ્યક્ત કર્યો હતો. આ ઘટનાએ બગસરા પોલીસની પ્રામાણિકતા, સંવેદનશીલતા અને લોકોના વિશ્વાસને વધુ મજબૂત બનાવ્યો છે.



કે. ડી. NEWS

તારીખ : 15/07/2026




## પરમ પૂજય સગર સંત શિરોમણી દાસારામબાપાની

# ૨૭૭ મી પૂણ્યતિથિ નિમિત્તે

# કોટી કોટી વંદન



**અરવિંદકુમાર મેવાડા**
**દંડક,**
**નગરપાલિકા સાવરકુંડલા**



**ભુપતભાઈ ચુડાસમા**
**સદસ્ય નગરપાલિકા**
**સાવર કુંડલા**



**વિજયભાઈ રાઠોડ સગર**
**સમાજ અગ્રણી**
**ભાજપ આગેવાન**

કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

# અમરેલી જિલ્લામાં કલા મહાકુંભ-2026 માટે નોંધણી શરૂ

## તા. 5 ઓગસ્ટ સુધી ઓફલાઈન ફોર્મ ભરવાની તક; તાલુકા અને જિલ્લા કક્ષાએ યોજાશે સ્પર્ધાઓ




અમરેલી જિલ્લામાં પ્રતિભાશાળી કલાકારોને પોતાની કલાનું પ્રદર્શન કરવા માટે રાજ્ય સરકારના યુવા સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા કલા મહાકુંભ-2026નું તાલુકા તથા જિલ્લા કક્ષાએ આયોજન કરવામાં આવ્યું છે.સ્પર્ધામાં ભાગ લેવા ઈચ્છુક કલાકારોએ તા. 5 ઓગસ્ટ, 2026 સુધીમાં ઓફલાઈન નોંધણી ફોર્મ ભરી સંબંધિત નોંધણી કેન્દ્ર પર જમા કરાવવાનું રહેશે.કલા મહાકુંભમાં આ વર્ષે કુલ 37 વિવિધ સાંસ્કૃતિક કૃતિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે. સ્પર્ધાઓ 6થી 14 વર્ષ, 15થી 20 વર્ષ, 21થી 59 વર્ષ તથા 60 વર્ષથી ઉપર એમ ચાર અલગ-અલગ વયજૂથમાં યોજાશે, જેથી દરેક વયના કલાકારોને પોતાની પ્રતિભા રજૂ કરવાની તક મળશે.શાળા-કોલેજના વિદ્યાર્થીઓ તેમજ સ્થાનિક કલાકારો માટે તાલુકાવાર નોંધણી કેન્દ્રો નક્કી કરવામાં આવ્યા છે. અમરેલી, બાબરા અને કુંકાવાવ તાલુકાના સ્પર્ધકો જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે નોંધણી ફોર્મ જમા કરાવી શકશે. જ્યારે જિલ્લાના અન્ય તાલુકાઓના સ્પર્ધકો માટે નિયુક્ત નોંધણી કેન્દ્રો પર પણ ફોર્મ સ્વીકારવાની વ્યવસ્થા કરવામાં આવી છે.

નોંધણી ફોર્મ dydoamreli.blogspot.com પરથી મેળવી શકાય છે અથવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતેથી રૂબરૂ પણ ઉપલબ્ધ રહેશે.અમરેલી જિલ્લાના તમામ કલા રસિકો, વિદ્યાર્થીઓ અને સ્થાનિક કલાકારોને આ અનોખા સાંસ્કૃતિક મહોત્સવમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની પ્રતિભાને રાજ્ય કક્ષાએ પહોંચાડવાની તકનો લાભ લેવા જિલ્લા યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

તારીખ : 15/07/2026

# ભારતની ઈંગ્લેન્ડ સામે શાનદાર જીત, અક્ષર પટેલનો ઓલરાઉન્ડ કમાલ; શુભમન ગિલે ફટકાર્યા 80 રન

ભારતે ઈંગ્લેન્ડ સામે રમાયેલી પ્રથમ વન-ડે મેચમાં શાનદાર પ્રદર્શન કરતાં 6 વિકેટે વિજય મેળવી શ્રેણીની સફળ શરૂઆત કરી હતી. ઈંગ્લેન્ડે આપેલા 259 રનના લક્ષ્યાંકનો ભારતે 45.2 ઓવરમાં માત્ર 4 વિકેટ ગુમાવીને પીછો પૂર્ણ કર્યો હતો. જીત સમયે ભારત પાસે હજુ 28 બોલ બાકી રહ્યા હતા.ભારતની જીતમાં ગુજરાતના સ્ટાર ઓલરાઉન્ડર અક્ષર પટેલે મેચવિનિંગ પ્રદર્શન કર્યું હતું. પ્રથમ બોલિંગમાં અક્ષરે ઘાતક સ્પેલ ફેંકી 4 મહત્વપૂર્ણ વિકેટ ઝડપી ઈંગ્લેન્ડને મોટો સ્કોર બનાવતા અટકાવ્યું હતું. ત્યારબાદ બેટિંગમાં સાતમા ક્રમે ઉતરી અક્ષરે માત્ર 52 બોલમાં 4 ચોગ્ગા અને 1 છગ્ગાની મદદથી અણનમ 57 રનની જવાબદાર ઈનિંગ્સ રમી ભારતને જીત સુધી પહોંચાડ્યું હતું.બેટિંગમાં શુભમન ગિલે પણ શાનદાર રમત દાખવી 80 રનની મહત્વપૂર્ણ ઈનિંગ્સ રમી હતી, જેના કારણે ભારતીય ટીમનો રનચેઝ વધુ સરળ બન્યો હતો.અક્ષર પટેલના ઓલરાઉન્ડ દેખાવ અને શુભમન ગિલની મજબૂત બેટિંગના કારણે ભારતે પ્રથમ વન-ડેમાં ઈંગ્લેન્ડને 6 વિકેટે હરાવી શ્રેણીમાં વિજયી શરૂઆત કરી હતી. ક્રિકેટપ્રેમીઓએ ટીમ ઈન્ડિયાના આ સર્વાંગી પ્રદર્શનને વધાવી લીધું હતું.



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...






કલ્યાણ કોમ્પલેક્ષ, કલ્યાણેશ્વર મહાદેવ મંદિરની સામે, મહુવા રોડ, સાવરકુંડલા.
99041 41874 / 70961 31005

તારીખ : 15/07/2026

# નવા ગામમાં સિંહણ ત્રણ બચ્ચાં સાથે ઘૂસીપશુનો શિકાર કરતા દૃશ્યો કેમેરામાં કેદ



અમરેલી જિલ્લાના ધારી તાલુકાના નવા ગામમાં ગત 13 જુલાઈના રોજ મોડી રાત્રે એક સિંહણ તેના ત્રણ બચ્ચાં સાથે ગામમાં પ્રવેશી હતી. શિકારની શોધમાં આવેલા આ સિંહ પરિવારે ગામમાં એક પશુનો શિકાર કર્યો હતો. આ ઘટનાના દૃશ્યો એક સ્થાનિક વ્યક્તિએ પોતાના મોબાઈલ કેમેરામાં કેદ કર્યા હતા.

સિંહ પરિવાર ગામમાં ઘૂસી આવતાં ગ્રામજનોમાં થોડા સમય માટે ભયનો માહોલ સર્જાયો હતો. જોકે, શિકાર કર્યા બાદ સિંહણ અને તેના બચ્ચાં જંગલ તરફ પરત ફર્યા હતા.ગીર અને આસપાસના વિસ્તારોમાં ચોમાસાની ઋતુ દરમિયાન જંગલમાંથી સિંહો ગામડાઓ તરફ આવવાની ઘટનાઓમાં વધારો જોવા મળી રહ્યો છે. ખોરાક અને શિકારની શોધમાં સિંહો ઘણીવાર રહેણાંક વિસ્તારો સુધી પહોંચી જાય છે, જેના કારણે ગ્રામજનોમાં સતત ચિંતા વ્યાપી છે.

વન વિભાગ દ્વારા સિંહોની હિલચાલ પર સતત નજર રાખવામાં આવી રહી છે અને ગ્રામજનોને સાવચેતી રાખવા અપીલ કરવામાં આવી છે.

અમરેલી જિલ્લામાં સિંહો દ્વારા પશુઓના શિકારની ઘટનાઓ વારંવાર સામે આવતી હોવાથી પશુપાલકોમાં પણ ચિંતા જોવા મળી રહી છે.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




તારીખ : 15/07/2026

# સાયબર ઠગાઈનો વધુ એક ચોંકાવનારો બનાવ: રાજુલામાં મોબાઈલ હેક કરી OTP વગર જ ખાતામાંથી રૂપિયા 3.19 લાખ ઉપાડ્યા







રાજુલા શહેરમાં સાયબર ઠગાઈનો વધુ એક ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. અજાણ્યા સાયબર ઠગોએ ફરિયાદીનો મોબાઈલ ફોન હેક કરી કોઈપણ OTP વગર તેમના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા 3.19 લાખની રકમ અલગ-અલગ બેન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કરી નાંખી હતી. સમગ્ર મામલે રાજુલા પોલીસ મથકે ગુનો નોંધાતા સાયબર ગુનાની તપાસ હાથ ધરવામાં આવી છે.મૂળ સુરતના અને હાલ રાજુલાના છતડિયા રોડ સ્થિત બજરંગ રેસીડેન્સીમાં રહેતા મેહુલભાઈ ગોરધનભાઈ સરધારાએ ફરિયાદ નોંધાવી છે. 30 મે 2026થી 6 જૂન 2026 દરમિયાન અજાણ્યા શખ્સોએ કોઈ ઈલેક્ટ્રોનિક માધ્યમનો ઉપયોગ કરી તેમનો મોબાઈલ ફોન હેક કર્યો હતો. ત્યારબાદ ફરિયાદીની જાણ બહાર અને OTP વિના તેમના બેન્ક ખાતામાંથી કુલ રૂપિયા 3,19,000ની રકમ તબક્કાવાર અલગ-અલગ બેન્ક ખાતાઓમાં ટ્રાન્સફર કરી હતી.પોલીસ તપાસમાં 50 હજાર ઉત્તર પ્રદેશના અખંડ પ્રતાપસિંહના ખાતામાં, 40 હજાર ઉત્તર પ્રદેશના રિતિકસિંહના ખાતામાં, 33 હજાર રાજસ્થાનના કન્હૈયાલાલ કુંભાજીના ખાતામાં, 52 હજાર મુંબઈના સિદ્ધાર્થ મુન્દ્રાના ખાતામાં, 48 હજાર બિહારના રવીકુમારના ખાતામાં તેમજ 96 હજાર મહારાષ્ટ્રના જલનાના કૃષ્ણના અર્જુન શેવાલેના ખાતામાં ટ્રાન્સફર થતા ગુનો નોંધવામાં આવ્યો હતો.સાયબર ઠગોએ ટેકનિકલ રીત અપનાવી ફરિયાદીના મોબાઈલ અને બેન્કિંગ માહિતીનો દુરુપયોગ કરી રકમ ઉપાડી લીધી હોવાનું પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે.રાજુલા પોલીસે અજાણ્યા આરોપીઓ સામે સાયબર ફ્રોડ, છેતરપીંડી તથા મદદગારી સહિતની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી સમગ્ર નાણાકીય વ્યવહારની વિગતો, બેન્ક ખાતાઓ અને ડિજિટલ ટ્રેલના આધારે તપાસ શરૂ કરી છે.

તારીખ : 15/07/2026

no નેગેટીવ ન્યુઝ

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

SEIL
Way To Success

# સાફલ્ય એજયુકેશન

કાપેલધાર, લીજજત પાપડવાળી શેરી, સાવરકુંડલા.

## પ્રવેશકાર્ય શરૂ છે...

## નવી બેચ ફ્રી ડેમો લેક્ચર
## 16,17,18 જુલાઈ 2026

## જવાહર નવોદય ફોર્મ ભરવાના શરૂ છે

## ધોરણ 4 અને ધોરણ 5 ના વિદ્યાર્થી માટે ઉત્તમ તક

: સંપર્ક :

મો. 96624 13503/87330 07258

તારીખ : 15/07/2026

# ગોરડકા પાસે ST બસ-ફોરવ્હીલ અકસ્માત: ST બસ ખાડામાં ઉતરી, કોઈ જાનહાની નહી



સાવરકુંડલા તાલુકાના ગોરડકા ગામ નજીક આજે એક સરકારી એસ.ટી. બસ અને ફોરવ્હીલ વાહન વચ્ચે અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માતમાં બસ રસ્તા પરથી નીચે ખાળિયામાં ઉતરી ગઈ હતી. જોકે, આ ઘટનામાં કોઈ જાનહાનિ નોંધાઈ નથી.બસમાં સવાર મુસાફરો અને ફોરવ્હીલ વાહનમાં બેઠેલા લોકોનો આબાદ બચાવ થયો હતો. પ્રાથમિક માહિતી અનુસાર, અકસ્માતમાં વાહનોને સામાન્ય નુકસાન થયું છે.અકસ્માતની જાણ થતાં જ સ્થાનિક લોકો ઘટનાસ્થળે પહોંચી મદદ માટે દોડી આવ્યા હતા. અકસ્માતનું ચોક્કસ કારણ જાણવા તપાસ ચાલી રહી છે.

તારીખ : 15/07/2026

# સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા સ્થાનિક યુવાનો માટે 30 દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગ-૨૦૨૬નું સુંદર આયોજન

અમરેલી તા. ૧૫ જુલાઈ,૨૦૨૬ (બુધવાર) - અમરેલી જિલ્લા રોજગાર કચેરી દ્વારા સંરક્ષણ અને પોલીસ દળમાં જોડાવા ઈચ્છતા સ્થાનિક યુવાનો માટે 30 દિવસના નિઃશુલ્ક નિવાસી તાલીમવર્ગ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું છે. આ વર્ગ અંતર્ગત પસંદગી પામેલા ઉમેદવારોને રહેવા-જમવાની સુવિધા સાથે શારીરિક અને લેખિત કસોટીની સંપૂર્ણ તાલીમ કોઈ પણ ચાર્જ વિના આપવામાં આવશે. આ ભરતીલક્ષી તાલીમમાં માત્ર અમરેલી જિલ્લાના ૧૭.૫ થી ૨૫ વર્ષની વય ધરાવતા, શારીરિક તેમજ માનસિક રીતે સક્ષમ પુરુષ ઉમેદવારો જ ભાગ લઈ શકશે, જેમની લઘુત્તમ શૈક્ષણિક લાયકાત ધોરણ-૧૦ પાસ કે તેથી વધુ હોવી અનિવાર્ય છે. વધુમાં, જે યુવાનોએ અગ્નિવીરની લેખિત પરીક્ષા પાસ કરી હશે તેમને આ વર્ગમાં પ્રવેશ માટે પ્રથમ પ્રાધાન્ય આપવામાં આવશે. આ તાલીમવર્ગમાં જોડાવા માટે રસ ધરાવતા ઉમેદવારોએ તેનું ફોર્મ જિલ્લા રોજગાર કચેરી, અમરેલી ખાતેથી રૂબરૂ અથવા તેમની સત્તાવાર ટેલીગ્રામ ચેનલ @empamreli પરથી વિનામૂલ્યે મેળવી લેવાનું રહેશે. સંપૂર્ણ વિગતો સાથે ભરેલું આ અરજી ફોર્મ જાહેરાત પ્રસિદ્ધ થયાના ૧૦ દિવસની અંદર જિલ્લા રોજગાર કચેરી, બહુમાળી ભવન, અમરેલી ખાતે ટપાલ દ્વારા અથવા રૂબરૂ જઈને જમા કરાવવાનું રહેશે. આ સુવર્ણ તક અંગે વધુ માહિતી કે કોઈ પણ પ્રકારની પૂછપરછ માટે ઉમેદવારો કચેરીના સત્તાવાર ટેલિફોન નંબર 9512340549 પર સંપર્ક કરી શકે છે તેમ જિલ્લા રોજગાર અધિકારીશ્રીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

કે.ડી. NEWS
તારીખ : 15/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# સ્કુલ યુનિફોર્મ

## ગુરૂકુળ (મોટી) તથા ગુરૂકુળ, જેસરરોડ ગુજરાતી માધ્યમ, ઉડાન તેમજ ધો. ૧ થી ૭ નો નવા યુનિફોર્મનું કાપડ આવી ગયેલ છે. તો પધારો..

# ભરખડા સિલેકશન

વિવેકાનંદ માર્કેટ, દુ. નં. ૨૮/૨૯,

મો. 9510792949

તારીખ : 15/07/2026

કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# શેરબજાર

(માયનોર એટલે કે 3 મહીના થી 18 વર્ષ)

## IPO માટે ઓટોમેટીક મેન્ડેટ ની સુવિધા આપવામાં આવશે

HUF અને નોર્મલ ડિમેટ (18 વર્ષથી વધુ) એકાઉન્ટ ખોલાવવા માટે મળો.

સંપર્ક : વિશાલભાઈ જોષી(ગોર)

મો. 9099354445,

શ્રીજી નગર,સાવરકુંડલા.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 15/07/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# મકાન ભાડે આપવાના છે

2BHK અને 3BHK ટેનામેન્ટ ટાઇપ, નિર્દોષાનંદ વાટીકા, મહુવારોડ ઉપર ભાડે આપવાના છે.

**મો. ૯૪૨૭૪ ૨૮૯૯૬**

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
## ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

# અઢળક કેકની વેરાયટીઓ



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

**અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.**

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

**લાઈવ કેક** માટે મુલાકાત લ્યો

સાવરકુંડલામાં તેમજ ડેકોરેશનનું એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838


કે.કે. NEWS
ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
Reels Friends
વિશ્વાસ અને પ્રેમનું બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

# કે.ડી. NEWS


નો નેગેટીવ ન્યુઝ

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 13/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"બીજા પાસે રહેલ દર્દ કે દરિદ્રતા મારા માટે નુકસાનકારક નથી પણ બનતી તો ય બીજામાં રહેલ દોષો અને દુર્ગુણો તો નુકસાનકારક બનીને જ રહે છે જો હું એ દોષોનો અને દુર્ગુણોનો વાહક, ચાહક અને ગ્રાહક છું તો."






નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...





**હિન્દી** ફિલ્મો કહે છે – "દિલની સાંભળો." અને જીવન કહે છે – "પહેલા EMI અને બેંક બેલેન્સ પણ જોઈ લો!"

**જાહેરાતમાં** એટલી ઉતાવળથી બતાવે ને કે સોડા નો એક ઘૂંટડો ઉતારો અને પહાડો પરથી ઉડો આપણે તો 15 મિનિટ તો સોડાની બોટલ નું ઢાંકણું ખોલતા લાગે...

**ફિલ્મોમાં** અંતે બધું સારું થઈ જાય છે... અને જીવનમાં અંતે એક જ પ્રશ્ન રહે છે... "પગાર ક્યારે આવશે?"

તારીખ : 15/07/2026

કે.ડી. NEWS

નો નેગેટીવ ન્યુઝ

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 15 જુલાઈ
# મહત્વની ઘટનાઓ

૧૯૧૦ – એમિલ ક્રેપેલિને તેમના પુસ્તક ક્લિનિકલ સાઈકિયાટ્રીમાં તેમના સાથી એલોઈસ અલ્ઝાઈમરના નામ પરથી ચેતાપેશી અપભ્રંશની પરિસ્થિતિને અલ્ઝાઈમર રોગનું નામ આપ્યું.

૧૯૫૫ – અઢાર નોબેલ પારિતોષિક વિજેતાઓએ પરમાણુ શસ્ત્રો વિરુદ્ધ મૈનાઉ ઘોષણાપત્ર પર હસ્તાક્ષર કર્યા, બાદમાં અન્ય ૩૪ લોકોએ સહ-હસ્તાક્ષર કર્યા.

૧૯૭૯ – વડાપ્રધાન મોરારજી દેસાઈએ રાજીનામું આપ્યું.

૨૦૦૨ – પાકિસ્તાનની આતંકવાદ વિરોધી અદાલતે વોલ સ્ટ્રીટ જર્નલના રિપોર્ટર ડેનિયલ પર્લની હત્યાની શંકામાં બ્રિટિશ મૂળના અહમદ ઓમર સઈદ શેખને ફાંસીની સજા અને અન્ય ત્રણને આજીવન કેદની સજા ફટકારી.

૨૦૦૬ – સોશિયલ મિડિયા પ્લેટફોર્મ ટ્વિટર શરૂ કરવામાં આવ્યું.

**જન્મ**

૧૬૦૬ – રેમ્બ્રાં હાર્મેન્ઝૂન વાન રીન, ડચ ચિત્રકાર અને છાપચિત્રકલાના કસબી (અ. ૧૬૬૯)

૧૭૮૩ – જમશેદજી જીજીભાઈ, પારસી-ભારતીય વેપારી અને પરોપકારી (ફિલાન્થ્રોપીસ્ટ) (અ. ૧૮૬૯)

૧૯03 – કે. કામરાજ, ભારતીય રાષ્ટ્રીય કોંગ્રેસ (સંગઠન)ના સંસ્થાપક નેતા અને તમિલનાડુના ત્રીજા મુખ્યમંત્રી. (અ. ૧૯૭૫)

૧૯૦૬ – આર. એસ. મુગલી, કન્નડ ભાષાના સાહિત્ય અકાદમી પુરસ્કાર વિજેતા કવિ અને શિક્ષણવિદ્ (અ. ૧૯૯3)

૧૯૧૨ – બ્રિગેડિયર મોહમ્મદ ઉસ્માન, મહાવીર ચક્ર વિજેતા ભારતીય સૈન્ય અધિકારી. (અ. ૧૯૪૮)

૧૯૧૫ – લેફ્ટનન્ટ જનરલ કાશ્મીર સિંહ કાટોચ, ભારતીય સૈન્ય અધિકારી (અ. ૨૦૦૭)

૧૯33 – એમ. ટી. વાસુદેવન નાયર, ભારતીય લેખક અને પટકથા લેખક

૧૯3૭ – પ્રભાષ જોશી, ભારતીય પત્રકાર (અ.૨૦૦૯)

૧૯૫૬ – અશોક સેન, ભારતીય સૈદ્ધાંતિક ભૌતિકશાસ્ત્રી

**અવસાન**

૧૯૦૪ – એન્તોન ચેખવ, રશિયન વાર્તાકાર અને નાટ્યકાર (જ. ૧૮૬૦)

૧૯૬૭ – બાલ ગંધર્વ, મરાઠી નાટકોમાં સ્ત્રી પાત્રો તરીકેની ભૂમિકાઓ માટે જાણીતા મંચ અભિનેતા અને મરાઠી ગાયક.

તારીખ : 15/07/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


## વ્યાપારી માટે




## હોલસેલ ભાવે

નાની-મોટી

## ચીઠ્ઠી બુક

## વિદ્યાર્થીઓ માટે



## રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**

SINCE 1923 KD NEWS PAPER

## દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

## શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?



કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ

# ફ્રેશ પસ્તી




સાવરકુંડલા માટે **ફ્રી ડીલેવરી**

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

## 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે

CLICK HEAR

નો નેગેટીવ ન્યૂઝ

# કે.ડી. NEWS

તારીખ : 15/07/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના

# સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




| | | | |
|---|---|---|---|
| 76K | 52K | 34K | 100K |

**સંપર્ક : મો. 94997 97973**